# ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. આણંદ

## પરિપત્ર નંબર - ૩

આથી સંઘ સંયોજીત સર્વે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવામાં આવે છે કે ફરી જણાવવામાં ન આવે ત્યાં સુધી ભેંસ દૂધના ભાવ દર કિલો ફેટે તથા તેની સરખામણીમાં ગાય દૂધના યુનિટ કિલો ફેટના ભાવ તા. ૧૧-૦૪-૨૦૧૭ થી નીચે મુજબ રહેશે.

| પ્રકાર | ફેટ ટકા | એસ.એન.એફ. ટકા | સારુ દૂધ રૂ. પૈસા | ખાટુ દૂધ રૂ. પૈસા |
|---|---|---|---|---|
| ભેંસ દૂધ | ૫.૧ અને ઉપર | ૯.૦ અને ઉપર | ૬૩૦.૦૦ | ૫૯૦.૦૦ |
| ગાય દૂધ | ૩.૦ અને ૫.૦ | ૮.૫ અને ઉપર | ૨૯૮.૪૦ | ૨૭૫.૪૦ |

**૨. મંડળીઓને રૂ.૬૩૦ કિલોફેટ દીઠ દૂધના ભાવ પ્રમાણે દૂધ બીલ મોકલી આપવામાં આવશે. મંડળીઓએ દૂધના ભાવની ઉત્પાદકોને ચુકવણી આ સાથેના કોઠા મુજબ રૂ. ૬૨૦ પ્રમાણે કરવાની રહેશે.વધારાના ભાવની રકમ સંઘ ખાતે જમા રહેશે.**

૩. ઓટોમેટીક મિલ્ક કલેક્શન સ્ટેશન ધરાવતી મંડળીએ નીચે પ્રમાણેના ભાવ ભરવાના રહેશે.

| પ્રકાર | ફેટ ટકા | સારુ દૂધ રૂ. પૈસા | કોમ્પ્યુટરમાં દાખલ કરવાના માર્જીનના પૈસા |
|---|---|---|---|
| ભેંસ દૂધ | ૫.૧ થી ઉપર ફેટ | ૬૨૦.૦૦ | ૦.૫૭ |
| ગાય દૂધ | ૩.૦ થી ૫.૦ ફેટ | ૨૯૩.૭૦ | ૦.૫૭ |

૪. ગાય અગર ભેંસ દૂધમાં ઉપરોક્ત ધોરણ કરતાં ઓછા ફેટ અગર એસ.એન.એફ વાળું દૂધ આવે તો તેનો ભાવ ૨૫ ટકા મુજબ ચૂકવવામાં આવશે.

૫. ગાય અથવા ભેંસનું દૂધ સંઘમાં ખાટા દૂધ તરીકે આવશે ત્યારે જો તેનો એસ.એન.એફ. નિયત ધોરણ કરતાં ઓછો હશે તો તેનો ભાવ સારા દૂધના ભાવના ૨૫ ટકા મૂજબ ચૂકવવામાં આવશે.

૬. ભેંસ અગર ગાયનું દૂધ દહીં તરીકે આવે ત્યારે ભેંસ તથા ગાયના દૂધનો એવરેજ ફેટ અને એસ.એન.એફ. ગણવામાં આવશે અને સારા દૂધના ભાવના ૨૫ ટકા મૂજબ ચૂકવવામાં આવશે.

૭. ઉપરના ભાવ કામચલાઉ છે. તા. ૧-૦૪-૨૦૧૭ થી બંને દૂધના ભાવ કામચલાઉ **(પ્રોવીઝનલ)** બાંધવામાં આવે છે. મંડળીઓએથી આવતા દૂધના સંઘને ઉપજેલા નાણાં ધ્યાનમાં લીધા બાદ વર્ષ આખરે છેવટના ભાવથી વધઘટ નક્કી કરી જણાવવામાં આવશે.

૮. મંડળીઓએથી મોકલાયેલ દૂધ સંઘમાં કોઇ કારણસર વપરાશ માટે હાનિકારક જણાશે તો તે દૂધ સંઘમાં સ્વીકારવામાં આવશે નહીં અને તે દૂધ મંડળીને અગાઉથી જાણ કર્યા વગર નાશ કરવામાં આવશે અને દૂધ પેટે સંઘમાથી મંડળીને કોઇ કિંમત ચૂકવવામાં આવશે નહી. આવા નાશ કરવામાં આવેલા દૂધ અંગેનો લેબોરેટરીનો નિર્ણય આખરી ગણાશે.

૯. ગાય તથા ભેંસ દૂધમાં એસ.એન.એફ. નું પ્રમાણ જાળવવા માટે સંઘના પત્ર નં. એમપી / લેકટ્રો.આંક / ૬૭૭ તા. ૧૫-૦૬-૦૭ માં જણાવ્યાં પ્રમાણેના લેકટોમીટરના આંકનું જ દૂધ સ્વીકારવા ભલામણ છે.

**૧૦. ત્રિભુવનદાસ ફાઉન્ડેશનને આપવામાં આવતા ૧.૫ પૈસા પ્રતિ લિટર,મંડળીઓને દૂધ ખરીદી ઉપર ગાળો (માર્જિન) ૨૫.૫ પૈસા પ્રતિ લિટર અને આરડા માટે આપવાનો ઉપકર ૩૦ પૈસા પ્રતિ લિટર ગણી કોઠા બનાવેલ છે.**

૧૧. ભેંસ તથા ગાયના કરાટાનો ભાવ રૂ. ૨૬.૫૦ પ્રતિ લિટરના ગ્રાહકને ચૂકવવાના રહેશે.

**તા. ૦૪-૦૪-૨૦૧૭**

**ડૉ. કે. રત્નમ**
**મેનેજિંગ ડિરેકટર**